सा विद्या विमुक्तये

# શારદ

વર્ષ ૩૧ | માર્ચ - ૨૦૧૨ | અંક-૪

## વાલીઓને....

આ અગાઉ વિદ્યાર્થીઓ સાયકલ ચલાવતી વખતે જે બેદરકારી રાખે છે તે સંબંધી વાલીઓ સજાગ બને તે અંગે કેટલીક વખત શારદમાં જણાવ્યું છે. સાયકલ ઓચિંતી રસ્તામાં ઉભી રાખી દેવા સંબંધી, ટર્નીંગ પર ઉભા રહીને વાત કરવા સંબંધી, તેમજ પેરેલલ સાયકલ ન ચલાવવી, જેવા મુદ્દાઓ અંગે વાલીઓનું ધ્યાન દોર્યું છે.

સંસ્થાની કંપાઉન્ડ વોલને અંદરની બાજુ ફાંસ આપીને દરવાજો અંદરની બાજુ મુકવાનું એટલા માટે કરવામાં આવ્યું છે કે વિદ્યાર્થી રસ્તા ઉપર આવતા અગાઉ ડાબી કે જમણી બાજુથી વાહન આવે છે કે નહીં તે જોઈ શકે. મને જણાવતા દુ:ખ થાય છે કે ઘણા વાલીઓ આ જગ્યાએ જ ઉભા રહીને શાળા છૂટયા બાદ વાતોએ વળગ્યા હોય છે આથી ઉપર કહેલી સુવિધા નિરર્થક બની જાય છે. વારંવાર સૂચના ચોકીદાર આપે તે ધ્યાને ન લેતા સામે દલીલો કરે છે જે દુ:ખદ છે. જવા આવવાના માર્ગમાં આ રીતે અવરોધ ઉભો કરીને ટ્રાફીકની મુશ્કેલ સમસ્યા વધારે જટીલ બને છે. પ્રવેશદ્વાર પાસે જ ટોળે વળીને વાતો કરવાનું સૌ વાલીઓ ટાળે કે જેથી આવવા જવાની સરળતા રહે. અન્ય શાળામાં ન હોય તેવું વિશાળ પટાંગણ શાળા પાસે છે. અંદરના ભાગમાં આવીને પરસ્પર વાતો કરવાની સુવિધા તો છે જ. सुज्ञेपु किं वहुना?

વાલીઓનું ફરીથી ધ્યાન દોરું કે વિદ્યાર્થીઓને શાળાએ આવવા જવાનું વાહન આવે ત્યાં સુધી કમ્પાઉન્ડ બહાર ન નીકળવું તેમ જણાવશો. બહારનો રસ્તો સાંકડો છે અને વાહન માટેની રાહ જોતા બાળકને રમત કરતા હોય ત્યારે અકસ્માત થવાનો ભય રહેલો છે. સૌ આ બાબત ગંભીરતાથી લે તે અપેક્ષિત છે.

**દિનુભાઈ દવે**

## સ્મૃતિચિત્રો

અગાઉ શાળાના પ્રવાસો રેલવેની સ્પેશીયલ બોગી દ્વારા થતાં (૨૫ થી ૩૫ દિવસના લાંબા) એ પ્રવાસોનો આનંદ અનેરો હતો. એ જમાનામાં હોટલમાં જમવાનું ભાગ્યે જ બનતું. સાથે સીધુ સામાન, રસોઈયા ઈત્યાદિ રહેતા, અને રહેવાનું તથા સૂવાનું કાં તો રેલવેના ડબ્બામાં અથવા પ્લેટફોર્મ પર મુખ્યત્વે થતું. શક્ય હોય ત્યાં જમવાની વિવિધતા આપવાનો પ્રયત્ન રહેતો.

એક વખત મહારાજને મેં કહ્યું કે બાળકોને ઢોકળા આપીએ. એમણે જણાવ્યું કે દહીં હોય તો ઢોકળા રાખવા. દક્ષિણમાં એ જમાનામાં અમુક સ્થળોએ દહીં પ્રાપ્ય પણ નહોતું તેવો અમારો અનુભવ હતો. આમ છતાં હું અને સુરેશભાઈ એક મિલ્ક પોટ લઈને નીકળી પડયા અને ત્રણ ચાર જગ્યાએથી થોડું દહીં એકઠું કર્યું.

બે-ત્રણ દિવસ પછી મેં મહારાજને કહ્યું કે બેત્રણ દિવસ પહેલા દહીં લાવ્યો હતો છતાં હજી સુધી ઢોકળા કેમ થયા નથી ! તો મહારાજે જવાબ આપ્યો - એ દહીં તો સાંજે ખીચડી કરી હતી એટલે ગુલાબજી ખીચડી સાથે ખાઈ ગયા.

ગુલાબજી એટલે એ જમાનામાં આ શાળાના પટાવાળા. એ અને આભાજી દરેક પ્રવાસમાં સામેલ હોય. પ્રવાસ અંગેની તેમની આગવી સૂઝ રહેતી, જેનો લાભ અમને મળતો હતો. મેં વિચાર કર્યો કે ૧૫-૨૦ દિવસથી જે માણસ ઘેરથી દૂર રહ્યો હોય અને પોતાને ભાવતું ભોજન ન મળ્યું હોય ત્યારે આવું આકર્ષણ તેને રહે તે સ્વાભાવિક છે. આ વાત પર અમે સૌ હસી પડયાં. આને અશિસ્ત ગણવી મુશ્કેલ છે કારણકે રાત કે દિવસનો વિચાર કર્યા સિવાય જે સેવકો સેવા કરવા માટે ખડે પગે તૈયાર હોય તેને શિક્ષા કેવી રીતે થાય ? આ પણ પ્રવાસનો રંગ છે.

**દિનુભાઈ દવે**



સંસ્થાના વિદ્યાર્થીઓએ કેન્સર પીડિત દર્દીઓની સેવા માટે એકઠો કરેલો ફાળાનો રૂ.૧,૫૧,૦૦૦(રૂ.એક લાખ એકાવન હજાર)નો ચેક રાજયપાલશ્રીને અર્પણ કરતા સંસ્થાના મંત્રી શ્રી ઉદયનભાઈ ચંદ્રકાન્ત.
સૌ વિદ્યાર્થીઓને અભિનંદન.

## વિદ્યાર્થીઓનું હીર પ્રગટયું

'દરિયાના મોજાં કંઈ રેતીને પૂછે,
તને ભીંજાવું ગમશે કે કેમ...?'

ભાઈ નિનાદે આ ગીત શરૂ કર્યું અને સર્વત્ર પ્રસન્નતાનું વાતાવરણ છવાઈ ગયું. એના કંઠમાંથી ખળખળ વહેતાં ઝરણાની જેમ એક પછી એક સૂર, શબ્દ અને તાલ સાથે તેનાં હૃદયમાંથી નીતરતા ભાવ, અને સંગીતની માધુર્યતામાં સૌ કોઈ ડોલી ઉઠયાં, કવિ તુષાર શુક્લની એ રચના, જાણે સમુદ્રતટ પર ઊભા ઊભા દરિયાના મોજા અને રેતીની એ મસ્તી આપણે માણી રહ્યાં હોઈએ એવી અનુભૂતિ થઈ. આ જ તો મજા છે સુગમ સંગીતની. સુગમ સંગીત એટલે સુગમ, સહેલું નહીં...પણ શબ્દોને, તેનાં અંદરના ભાવોને જીવંત કરી તેને સાત સ્વરો અને તાલમાં એકાકાર કરી હૃદયની સંવેદનાને જાગૃત કરી શકવાની તાકાત ધરાવતું સંગીત. સ્વ.રમણભાઈ દવેને શ્રદ્ધાંજલિ રૂપે દર વર્ષે યોજાતા આ આંતરસ્કૂલ સુગમ સંગીત સ્પર્ધામાં આ નાનકડાં બાલકલાકારો એવું સરસ સંગીત રજૂ કરે છે કે આંખો બંધ કરીને સાંભળ્યું હોય તો તો કયારેક ભૂલ ખાઈ જઈએ કે આ કોઈ મોટા ગજાના કલાકારો હશે... પણ ના, આ તો હજી ઉગતા કલાકારો છે, જેમનું ભાવિ ઘણું ઉજ્વળ છે. શાહ આયુષીએ 'સુની મેં હરી આવન કી આવાઝ' માં પણ મીરાંના હૃદયની હરિ માટેની એવી જ આરઝુ ભાવભરી રીતે વ્યક્ત કરી અને બહેન નૂપુરે 'રૂપલે મઢી છે સારી રાત રે' રજૂ કર્યું ત્યારે તો તેની હલક, સ્વર, તાલ, બધું જ અદ્ભૂત, સ્વ.દિલીપ ધોળકીયાને યાદ કર્યા વીના કેમ રહેવાય! સંગીતમાં સ્વર, હલક, તાલ, હૃદયના ભાવ અને સાથે શુદ્ધ ઉચ્ચારો તેમના હૃદયની સંવેદનાને અભિવ્યક્ત કરતા હતા. આટલા નાના વિદ્યાર્થીઓની કેવી તન્મયતા ! આંખો મીંચીને એ કેવા તલ્લીન થઈને સંગીતમાં મગ્ન બની જાય છે ! અને કાવ્યને જીવંત બનાવી દે છે !

વિદ્યાર્થીઓનું એવું જ હીર પ્રગટયું વકતૃત્વ સ્પર્ધામાં, થોડે ઘણે અંશે એ શીઘ્ર વકતૃત્વ જ કહેવાય કારણકે પહેલેથી આપેલ પાંચેક વિષયમાંથી જે ચિઠ્ઠી ઉપડે તે વિષય ઉપર વકતવ્ય રજૂ કરવાનું હોય, એટલે કામ તો કપરું ખરું જ, તૈયારી કરે ત્હોય પાંચ વિષય તૈયાર તો કરવા જ પડે ને ! અને તૈયાર કરેલાં વિષય પર વકતવ્ય રજૂ કરવુ એ કંઈ સહેલું કામ ઓછું જ છે ! આત્મવિશ્વાસ, વિચારો રજૂ કરવાની છટા, વ્યવસ્થિત રીતે વિચારો રજૂ કરવાની આવડત, Posture, મોંના હાવભાવ, શુદ્ધ ઉચ્ચારો, બોલતી વખતે આરોહ અવરોહ, Pause, કેટકેટલું ધ્યાન રાખવાનું હોય છે ! આ વકતૃત્વ કળા કેળવવી એ પણ મહેનત માંગી લે છે, પણ મેં જોયુ, આ ઉગતા બાળકો એની પાછળ પણ ખાસ્સી મહેનત કરી લે છે. કયાં કયાંથી કથાવસ્તુ ભેગું કરી લાવે છે ! ડોડિયા હર્ષરાજે કવિ પ્રદીપજી વિશે અને શાહ દેવે કવિ ન્હાનાલાલ વિશે સારી માહિતી રજૂ કરી. રાજે ખૂબ સ્વસ્થતાથી ખૂબ સરસ રીતે વકતવ્ય રજૂ કર્યું. જરાય ઉતાવળ નહીં. અધીરાઈ નહીં. વિષયની છણાવટ સરસ, કયાંય કશું જ જાણે કહેવાપણું ન રહે તેટલું સુંદર વકતવ્ય, રસાણિયા નિકેત પણ એવું જ સારું બોલ્યો. તો યાજ્ઞિક પરિતોષ, કાટવા દર્શન એમનાં વકતવ્યો પણ કેવા સરસ ! અભિવ્યક્તિમાં સાહજીકતા, વિષયવસ્તુમાં છણાવટ, ખોટા વધુ પડતા હાવભાવ કે હાથ હલાવવાના નહીં, ભાગ લેનાર લગભગ બધાં જ વિદ્યાર્થીઓનાં વકતવ્ય એવા સરસ હતાં કે મને થયું આ વિદ્યાર્થીઓને ભવિષ્યમાં નેતૃત્વની તાલીમ લેવી હશે તો વકતૃત્વ કલા શીખવી નહીં પડે, તે કલા તેમણે આત્મસાત કરી લીધી છે.

એવી જ ચિત્રસ્પર્ધા તા.૩ જી માર્ચે થઈ. શિશુમંદિર અને મોડર્ન સ્કૂલનાં ધોરણ ૧ થી ૮ નાં બધાં જ વિદ્યાર્થીઓ ચિત્ર કરવા બેસી ગયાં, કોઈ ચોક કલર કરે, કોઈ પોસ્ટર કલર કરે, કોઈ વોટર કલર કરે, આખી સ્કૂલનું દ્રશ્ય જોઈને 'તારે જમીન પર' યાદ આવી જાય, વિદ્યાર્થીઓને રંગ અને રેખામાં આમ તન્મય થઈ જતાં જોવા એ પણ એક લ્હાવો છે. આ તો એમના હૃદયની મુક્ત અભિવ્યક્તિ છે.

બાલમંદિરનાં આટલા નાના બાળકો ! કોને ખબર આવતી કાલે એમાંથી કોણ મોટો વૈજ્ઞાનિક પણ બને ! પણ એના બીજ અહીં જ રોપાય છે, આ વાતાવરણમાંથી જ એ ઘડતર થાય છે અને એટલે તા.૨૮મીએ એ બાળકોએ એક વિજ્ઞાન પ્રદર્શન યોજ્યું જેમાં આટલા નાના બાળકોએ વિજ્ઞાનના પ્રયોગોનું નિદર્શન કર્યું ! 'શું વાત કરો છો ? હોતું હશે ? વાત માન્યામાં આવે એવી નથી....' 'હા... નથી જ' અને છતાંય માનવી પડે તેવી જ છે, એ પણ એક હકીકત છે અને યાદગાર હકીકત છે, બાળકોમાં તે કંઈ ઓછું હીર પડયું છે !

અને આ બધાંયથી ચઢી જાય એવું તો હીર પ્રગટયાની શી વાત કરું ! વિદ્યાર્થીઓને માટે કેન્સરની જાગૃતિ માટે પ્રોગ્રામ ગોઠવવામાં આવ્યો. એમની સંવેદના એટલી બધી સળવળી ઉઠી કે એ બાળકોએ જોતજોતામાં ૧,૫૧,૦૦૦ રૂપિયાનો ઘણો મોટો ફાળો એકત્રિત કર્યો. આ બાળકોનાં હૃદય કેવા અનુકંપા અને કરુણાથી ભર્યા ભર્યા હોય છે !

આપણે સામાન્ય રીતે આપણા બાળકનું ભણતર તરફ જ ધ્યાન આપીએ છીએ અને પરીક્ષાના માર્કસ્ એ જ જાણે એની હોશીયારી માપવાની પારાશીશી હોય તેમ વર્તીએ છીએ, 'ચોપડીની બહાર માથું કાઢે તો, ભણવું ગમતું નથી, ઢ રહેવાનો છે' આવા નકારાત્મક વલણથી એનો આત્મવિશ્વાસ તોડીએ છીએ પરિણામે એ બાળકનો વિકાસ હંમેશા માટે અટકી જાય છે એને બદલે એ જ બાળકને એનામાં જે શક્તિ પડી છે તેને પારખીને એને ખીલવવામાં આવે અને એને પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવે તો જ ખબર પડે કે આ બાળકોમાં કેટલું બધું હીર પડયું છે ! કયારેક તો આપણે પોતે પણ આપણા બાળકને ઓળખી શકતાં નથી, સમજી શકતાં નથી, પારખી શકતાં નથી, માત્ર ભણતર જ મહત્વનું નથી, વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ, એનું ઘડતર એ જ સૌથી મહત્વનું પરિબળ છે એ આપણે કયારે સમજીશું ?

**ઊર્મિલા શાહ**

## સંસ્થાનું ગૌરવ

**શાળામાં વિદ્યાર્થીઓએ ગુજરાત કેન્સર સોસાયટી માટે ભેગો કરેલ રૂ.૧,૫૧,૦૦૦ના ફાળાનો ચેક તા.૧૦-૩-૧૨ના રોજ શારદામંદિર ટ્રસ્ટના મંત્રીશ્રી ઉદયનભાઈએ ગવર્નરશ્રીને અર્પણ કર્યો.**

## સ્વ.શ્રી રમણભાઈ દવે આંતરશાળા સુગમ સંગીત સ્પર્ધા

સ્વ.શ્રી રમણભાઈ દવેએ સંસ્થાને આપેલ આજીવન સેવા અને સંગીત સાધનાને અનુલક્ષીને શારદામંદિર દર વર્ષે આંતરશાળા સુગમ સંગીત સ્પર્ધાનું આયોજન કરે છે. જેમાં બે વિભાગ રાખવામાં આવે છે. નાના વિભાગમાં ધોરણ -૫,૬,૭ના વિદ્યાર્થીઓ અને મોટા વિભાગમાં ધોરણ-૮,૯,૧૦,૧૧,૧૨ના વિદ્યાર્થી ભાઈબહેનો ભાગ લે છે. બધી જ સંસ્થામાંથી બંને વિભાગમાં એક એક સ્પર્ધક ભાગ લઈ શકે છે. આ વખતે નાના વિભાગમાં કુલ ચાર સ્પર્ધકો અને મોટા વિભાગમાં કુલ નવ સ્પર્ધકોએ તેમના ગીતો ખૂબ સુંદર અને ભાવવાહી રીતે રજૂ કર્યા. આખીય સ્પર્ધાનું સ્તર ખૂબ ઊંચું રહ્યું. **નિર્ણાયક તરીકે સંસ્થાના ભૂતપૂર્વ વાલી અને જાણીતા સંગીતજ્ઞ શ્રી મારુતિભાઈ ત્રિવેદી, સુગમ સંગીતના ખૂબ સારા અને જાણીતા કલાકાર શ્રી નિરજભાઈ પાઠક અને શ્રી દર્શનાબેન ગાંધીએ તેમની સેવા આપી.** આખું ય વાતાવરણ ભાવવાહી સૂર, શબ્દ અને તાલના ત્રિવેણી

સંગમથી મહેકી ઊઠયું. સ્વ. શ્રી રમણભાઈ દવે ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી યશપાલભાઈ ઝાલા હાજર રહ્યાં હતાં અને તેમના હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યું.

**મોટો વિભાગ વિજેતા**

| | | |
|---|---|---|
| પ્રથમ | નિનાદ બૂચ | શારદામંદિર મોડર્ન સ્કૂલ |
| દ્વિતીય | આરાધના શોધન | શેઠ સી.એન.વિદ્યાલય |
| | પરમેશી વ્યાસ | એચ.બી.કાપડીયા ન્યુ હાઈસ્કુલ |
| તૃતીય | આયુષી શાહ | શારદામંદિર વિનયમંદિર |
| | દેવર્ષિ સોનેજી | દિવાન બલ્લુભાઈ માધ્યમિક શાળા |

**નાનો વિભાગ વિજેતા**

| | | |
|---|---|---|
| પ્રથમ | નૂપુર મહેતા | શારદામંદિર શિશુમંદિર |
| દ્વિતીય | ધ્રુવિ ખંભોળિયા | વિદ્યાનગર પ્રાયમરી સ્કુલ |
| તૃતીય | રૂચિત શેઠ | સી.એન.કિશોર વિદ્યાલય |

## સંસ્થાકીય સમાચાર

### બાલવાડી

તા.૬-૧-૧૨ 'નોકર જોઈએ છે' વાર્તા પપેટ દ્વારા રજૂ કરી. 'સિંહનો પડયો વટ' વાર્તા નાટક રૂપે રજૂ કરી.બાળકોએ રસપૂર્વક તેની મઝા માણી. કઠપૂતળીનાં ખેલનું સુંદર આયોજન કરવામાં આવ્યું.નાના બાળકોએ દોરેલા ચિત્રો પર સુંદર રીતે પીસ્તાનાં ફોતરા ગોઠવ્યા. શિયાળાની ઠંડીને ધ્યાનમાં રાખી બાળકો માટે રમતોત્સવ યોજાયો. શિવરાત્રિ પર્વ નિમિત્તે "સાચાં બોલાં હરણાં" ની વાર્તા કહી "ૐ નમઃ શિવાય" ની ધૂન બોલાવી પર્વનું મહત્વ સમજાવ્યું.

### બાલમંદિર

તા.૧૨-૧-૧૨ સ્વામી વિવેકાનંદ જયંતિ નિમિત્તે તેમની સાચી ઓળખ આપી એમણે યુવાનોને રાષ્ટ્રીય સંપત્તિ ગણાવી એ અંગે સમજ આપી. તા.૧૩-૧-૧૨ ના રોજ પતંગોત્સવ મનાવવામાં આવ્યો.પતંગના સુંદર ગીતો ગાઈ સમૂહમાં રંગબેરંગી પતંગ ચગાવવાની મજા માણી. નાના સુંદર પતંગો બનાવ્યા.તા.૨૩-૧-૧૨ને સોમવારે કઠપૂતળીનો ખેલ બતાવવામાં આવ્યો.

તા.૨૫-૧-૧૨ ૨૬ મી જાન્યુઆરી નિમિત્તે રાષ્ટ્રધ્વજનું મહત્વ સમજાવી હાથમાં રાષ્ટ્રધ્વજ આપી સુંદર કૂચ તેમજ શૌર્યગીત કરાવ્યા. તા.૨૭-૧-૧૨ વસંતપંચમી નિમિત્તે સરસ્વતીદેવીનું પૂજન કર્યું. વસંતના ગીતો ગાયા. સ્વામીનારાયણ સંપ્રદાયે આપેલ શિક્ષાપત્રી અંગે માહિતી આપી.

તા.૩૦-૧-૧૨ સોમવારે ગાંધી નિર્વાણદિન નિમિત્તે બાળકોએ જાતે રાષ્ટ્રગીત વગેરે ગાઈ શહીદોને યાદ કર્યા. બે મિનિટ મૌન પાળી ગાંધીબાપુને શ્રધ્ધાંજલિ અર્પી.

તા.૨-૨-૧૨ને સોમવારથી તાલીમના બાળકો માટે રમતગમત સ્પર્ધા યોજવામાં આવી. બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો. તા.૧૫-૨-૧૨ને બુધવારે તાલીમ અને બાલમંદિરના બાળકો માટે તિરૂપતિ પાર્ક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું. તા.૧૭-૨-૧૨ને શુક્રવારે શિવરાત્રિ નિમિત્તે "સાચા બોલા હરણાં" નાટક જોવાની મજા માણી.

તા.૨૧-૨-૧૨ને મંગળવારે વિશ્વ માતૃભાષા દિન નિમિત્તે માતૃભાષાનું મહત્વ સમજાવ્યું.તા.૨૩-૨-૧૨ ગુરુવારે તાલીમના બાળકો માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. તા.૨૮-૨-૧૨ને મંગળવારે વિજ્ઞાનદિન નિમિત્તે રોજબરોજના જીવનમાં વણાયેલી વિજ્ઞાન પર આધારિત પ્રવૃત્તિ બાળકોની શબ્દરચનામાં પ્રયોગ રૂપે બીજા બાળકો સમક્ષ રજૂ કરી.

### શિશુમંદિર

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

| | | | |
|---|---|---|---|
| **રંગોળી સ્પર્ધા :** | | **તા.૨૦-૧૦-૧૧** | |
| | પ્રથમ | રાજવી કાજીવાલા | ધવલગિરિ |
| | દ્વિતીય | ખુશ્બુ ઠાકર | રત્નદીપ |
| | | અક્ષત શાહ | મેઘનાદ |
| | તૃતીય | આશ્ના અગ્રવાલ | રત્નદીપ |
| | | કવિશા શાહ | ગંગોત્રી |
| | | યેશા સોલંકી | ગંગોત્રી |
| **દિવાળી કાર્ડ** | | **તા.૨૦-૧૦-૧૧** | |
| | પ્રથમ | કરીના શાહ | ધવલગિરિ |
| | દ્વિતીય | ધ્વનિ શાહ | મેઘનાદ |
| | તૃતીય | જૈનાક્ષી ભાવસાર | મેઘનાદ |
| | | રાજ શાહ | રત્નદીપ |
| | | પર્વ રાવલ | ગંગોત્રી |
| | | ક્રિશા શાહ | ધવલગિરિ |
| **નિબંધ સ્પર્ધા** | | **તા.૨૦-૧-૧૨** | |
| **હિંદી** | પ્રથમ | ધ્રુતિ શાહ | ગંગોત્રી |
| | દ્વિતીય | કવિશા શુકલ | રત્નદીપ |
| | | દ્રષ્ટિ શાહ | ધવલગિરિ |
| | તૃતીય | જૈની શાહ | મેઘનાદ |
| | | રિધ્ધિ વોરા | મેઘનાદ |
| **અંગ્રેજી** | પ્રથમ | જોય પટેલ | મેઘનાદ |
| | દ્વિતીય | રાજ શાહ | રત્નદીપ |
| | તૃતીય | બ્રિન્દા પટેલ | રત્નદીપ |
| | | પરમ પૂજારા | મેઘનાદ |
| **ગુજરાતી** | પ્રથમ | કેવલ પટેલ | મેઘનાદ |
| | દ્વિતીય | નિકેત રસાણીયા | ગંગોત્રી |
| | તૃતીય | કવિશ શાહ | મેઘનાદ |
| | | ધ્યેય સોલંકી | રત્નદીપ |
| **સુગમ સંગીત સ્પર્ધા** | | | |
| | પ્રથમ | નુપૂર મહેતા | ગંગોત્રી |
| | દ્વિતીય | જૈની શાહ | મેઘનાદ |
| | તૃતીય | ધૈર્યા ઠક્કર | રત્નદીપ |
| | | મહર્ષ ગાંધી | ગંગોત્રી |

**નિર્ણાયક તરીકે ભૂતપૂર્વ વિદ્યાર્થિની બેન જૂઈ દાંડવાલાએ સેવા આપી તે બદલ સંસ્થા આભારની લાગણી વ્યક્ત કરે છે.**

| | | | |
|---|---|---|---|
| **વકતૃત્વ સ્પર્ધા :** | | **તા.૨૪-૨-૧૨** | |
| | પ્રથમ | રાજ શાહ | રત્નદીપ |
| | દ્વિતીય | નિકેત રસાણીયા | ગંગોત્રી |
| | તૃતીય | પરિતોષ યાજ્ઞિક | મેઘનાદ |
| | | દર્શન કાટવા | ગંગોત્રી |

તા.૭-૨-૧૨ના રોજ ધોરણ ૧ થી ૮માં સ્વયંશિક્ષણદિન યોજાયો.

તા.૧૭-૨-૧૨ના રોજ ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થી ભાઈબહેનો માટે રમતોત્સવ યોજાઈ ગયો. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક સાંઘિક અને વ્યક્તિગત રમતોમાં ભાગ લીધો.

## Shardamandir Modern School

તા.૧૨-૧-૧૨નાં રોજ સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિના વર્ષ નિમિત્તે ધો.૩ થી ૯ના બાળકોએ સ્વામી વિવેકાનંદના જીવન ચારિત્ર્યને લગતાં નાટકો રજૂ કર્યા.તા.૧૮-૧-૧૨ના રોજ ધોરણ ૧ થી ૪ માટે તિરૂપતિ પાર્કનો પ્રવાસ યોજાયો. તા.૨૦-૧-૧૨ના રોજ ધો.૩-૪ના બાળકો માટે પતંગ બનાવવાની સ્પર્ધા યોજાઈ.

તા.૧૦-૨-૧૨ના રોજ ધોરણ ૧ થી ૪ માટે વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી. તા.૧૩મી ફેબ્રુઆરીના રોજ વિદ્યાર્થીઓએ સ્વયંશિક્ષણદિન ઉજવ્યો અને સફળતાપૂર્વક શિક્ષણકાર્ય સંભાળ્યું.

તા.૧૭-૨-૧૨ના રોજ રમતોત્સવ યોજવામાં આવ્યો.

તા.૨૪-૨-૧૨ના રોજ ધોરણ ૧ થી ૪ માટે સુલેખન સ્પર્ધા યોજવામાં આવી.

**આંતરગૃહ સ્પર્ધા :**

| | | | |
|---|---|---|---|
| **સલાડ ડેકોરેશન** | **તા.૩-૨-૧૨** | | |
| | પ્રથમ | રોહન શાહ | પારિજાત |
| | દ્વિતીય | આશી શાહ | પારિજાત |
| | | યશ્વી વડેચા | અમલતાસ |
| | તૃતીય | આયેશા દલાલ | પલાશ |
| | | આયુષ આદેશરા | અમલતાસ |
| **સુગમ સંગીત સ્પર્ધા :** | **તા. ૭-૨-૧૨** | | |
| | પ્રથમ | નિનાદ બૂચ | પલાશ |
| | દ્વિતીય | અપૂર્વ ઉપાધ્યાય | કદંબ |
| | | કુંજલ બ્રહ્મભટ્ટ | પારિજાત |
| | તૃતીય | ડિંકી જાની | પારિજાત |
| | | દેશના શાહ | કદંબ |

**નિર્ણાયક તરીકે ભૂતપૂર્વ વિદ્યાર્થિની બહેન દિપાલી વ્યાસે સેવા આપી તે બદલ સંસ્થા આભારની લાગણી વ્યક્ત કરે છે.**

### વિનયમંદિર

સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ વર્ષ નિમિત્તે લેખિત કવીઝ સ્પર્ધાનાં ધો.૯નાં ૫૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો જેમાં કુનાલ ગાંધીએ પ્રથમ આવીને જિલ્લા કક્ષાએ ભાગ લીધો. તા.૧૬-૧૭-૧૮ડીસેમ્બરના રોજ પર્યાવરણ જાગૃતિ માટે શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું.તા.૧૩-૨-૧૨નાં રોજ ધોરણ૧૨નાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે વિદાય સમારંભ યોજાઈ ગયો. વિદ્યાર્થી ભાઈબહેનોએ ભાવપૂર્વક તેમનાં પ્રતિભાવો રજૂ કર્યા. શિક્ષકોએ અને મુ.દિનુભાઈ, ઊર્મિલાબેન તથા શ્રી વિજયભાઈએ આશીર્વચન આપ્યા.

તા.૧૮-૨-૧૨નાં રોજ રમતોત્સવ યોજાઈ ગયો. વ્યક્તિગત અને સાંઘિક રમતોમાં વિદ્યાર્થી ભાઈબહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

નિબંધલેખન

| | | | |
|---|---|---|---|
| **અંગ્રેજી** | પ્રથમ | યાત્રી ભટ્ટ | મેઘદૂત |
| | દ્વિતીય | કલગી શાહ | મેઘદૂત |
| | તૃતીય | હર્મિશ પંડયા | મેઘદૂત |
| **ગુજરાતી** | પ્રથમ | મોનાલી શાહ | પદ્મપુકુર |
| | દ્વિતીય | રૂષાંગ શાહ | મેઘદૂત |
| | તૃતીય | જહાન્વી ચાંપાનેરી | પદ્મપુકુર |
| **હિન્દી** | પ્રથમ | દ્વિજ જાની | ગીતગોવિંદ |
| | દ્વિતીય | રીયા ભટ્ટ | ગીતગોવિંદ |
| | તૃતીય | સ્મિત શાહ | પદ્મપુકુર |
| | | આયુષી શાહ | ગીતગોવિંદ |

| | | | |
|---|---|---|---|
| **સલાડ સ્પર્ધા** | તા.૨-૨-૧૨ | | |
| | પ્રથમ | હાર્દિ કાનુગા | મેઘદૂત |
| | દ્વિતીય | કલગી શાહ | મેઘદૂત |
| | | રિયા પટેલ | ચંદ્રમૌલિ |
| | તૃતીય | નિરાલી પટેલ | પદ્મપુકુર |

### અભિનંદન

ફેબ્રુઆરી ૨૦૧૧માં લેવાયેલ પ્રખરતા શોધ પરીક્ષામાં ધો.-૮ના નીચેના વિદ્યાર્થીઓએ ઈનામ મેળવ્યાં છે.

ભટ્ટ રીચા - રૂ.૫૦૦,ગાંધી કુનાલ - રૂ.૫૦૦, કોઠારી મિહિર - રૂ.૫૦૦

**ચિત્ર સ્પર્ધા**

| સંસ્થા | નામ | ઈનામ |
|---|---|---|
| સીવીલ ડીફેન્સ | ગરિમા મહેતા | પ્રથમ |
| અખિલ હિંદ મહિલા પરિષદ | આસ્થા શેલાર | દ્વિતીય |
| એલીસબ્રીજ શાખા | પર્વ જાની | પ્રથમ |

**ફૂટબોલ સ્પર્ધા**

| | | |
|---|---|---|
| શાર્પશૂટર્સ ફૂટબોલ એકેડમી | અમન શાહ | મેન ઓફ ધી મેચ<br>મેન ઓફ ધી ટુર્નામેન્ટ |

**સ્કોલરશીપ એવોર્ડ**

| | | |
|---|---|---|
| પારલે-જી ભાસ્કર જીનીયસ | આયુષી શાહ ધો.૮ | રૂ.૨૪૫૫/- |

'ચંપક' દિલ્હી પ્રેસ તરફથી યોજાયેલ 'ક્રીએટીવ ચાઈલ્ડ કોન્ટેસ્ટ ૨૦૧૧'માં શારદામંદિર શિશુમંદિર અને શારદામંદિર મોડર્ન સ્કૂલમાં યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં ધોરણ ૩ થી ૮માં નીચેના વિદ્યાર્થીઓને ઈનામો મળે છે તે માટે તેમને અભિનંદન.

| | | | |
|---|---|---|---|
| **શિશુમંદિર** | પ્રથમ | ઉમંગ વોરા | ૮ અ |
| | દ્વિતીય | ફેની શાહ | ૫ અ |
| | તૃતીય | પ્રકૃતિ શુક્લ | ૫ અ |
| | | નિકેત રસાણિયા | ૮ અ |
| **મોડર્ન સ્કૂલ** | પ્રથમ | અમાની અમીન | ૬ ઈ |
| | | શૈલ રાવલ | ૮ ઈ |
| | | યશ્વી વ્યાસ | ૪ ઈ |

### 'મારી સિધ્ધિનો ઘડવૈયો હું જ'

સંસ્થાના કૉ.ઓર્ડિનેટર શ્રી ઊર્મિલાબેન શાહનું નવું પુસ્તક 'મારી સિધ્ધિનો ઘડવૈયો હું જ' તાજેતરમાં પ્રસિદ્ધ થયું છે. દરેક માબાપ તેમના સંતાનને સર્વશ્રેષ્ઠ બનાવવા ઝંખે છે પણ તે માટે goal setting અને motivation બરાબર ન થતા એ થનગનતા કિશોરો 'સઢ વિનાના વહાણ' જેવી દશામાં મૂંઝાય છે. એ રોલ મોડેલને શોધે છે અને એટલે જ સંતાનની અભિરૂચિ અને અભિયોગ્યતાને પારખીને એને યોગ્ય રાહ ચીંધવો એ આપણી ફરજ બની રહે છે. Man is the creature of circumstances ભલે સાચું હોય પણ આપણે એમને 'Creator of circumstances' નું પ્રેરણાબળ પૂરું પાડવાનું છે. આ પુસ્તકમાં એવી પ્રેરણાત્મક વાતો એમણે રજૂ કરી છે.

### શ્રધ્ધાંજલિ

શાળાની વિદ્યાર્થિની બેન **યશદા હેમલભાઈ શાહ**ના તા.૧-૨-૨૦૧૨ના રોજ થયેલ અકાળ અવસાનની નોંધ લેતા અમે સૌએ ભારે દુઃખની લાગણી અનુભવી છે. ઈશ્વર સદ્‌ગતનાં આત્માને પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના.

તંત્રી, મુદ્રક પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક,શારદામંદિર,
અમદાવાદ-૩૮૦૦૦૭. Fax : 079 26622480
EMAIL : shardamandir1924@gmail.com